**<u>મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ( જયુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ) ની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**ફોજદારી કેસ નં.૩૭૨/૨૦૨૨**
**આંકઃ—૦૬**

**ફરિયાદીઃ— ના.સરકારશ્રી તરફે શ્રી પી.એમ. મિસ્ત્રી,**
**કારખાના નિરીક્ષક, અમદાવાદ.**
**નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,**
પમો માળ, શ્રમ ભવન, ખાનપુર,અમદાવાદ—૩૮૦૦૦૧.

**વિરુદ્ધ**

**આરોપીઃ- શ્રી સોગતા ગોષ ( વ્યવસ્થાપકશ્રી )**
**કેડીલા હેલ્થ કેર લીમીટેડ,**
પ્લોટ નં.૧ એ/૨, સેઝ ફાર્મેઝ, મટોડા, સાણંદ,
અમદાવાદ.

**આરોપી વતી વિ.વ.શ્રી. :— શ્રી એસ.જી.ભટ્ટ**

**ગુન્હોઃ— કારખાના ધારા ૧૯૬૩ નો નિયમ—૬૮—ઈ નાં ભંગ બદલ કલમ—૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

**<u>——:: ઠ રા વ ::——</u>**

(૧) <u>નામ.ગુજરાત હાઈકોર્ટનાં નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સિવિલ જજ તથા જયુ.મેજી.ફ.ક. ને મળતા સદરહુ ફોજદારી કેસ અત્રેની મજૂર અદાલતમાં દાખલ થતા, સદરહુ ફોજદારી કેસને ફોજદારી કેસ **નં.૩૭૨/૨૦૨૨** થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.</u>

(૨) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીએ તા.૧૩—૦૪—૨૦૨૨ નાં રોજ સદરહુ કારખાનાની મુલાકાત લેતા, આરોપીએ ગુજરાત કારખાના ધારા ૧૯૬૩ નાં **નિયમ—૬૮—ઈ** ની જોગવાઈનો ભંગ કરેલ છે.જે કારખાના અધિનિયમ—૧૯૪૮ ની **કલમ—૯૨** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવ્યા બાદ, અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપી સંસ્થા તથા તેનાં જવાબદાર વ્યક્તિઓને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી તેમનાં ઓથોરાઈઝ્ડ પર્સન **શ્રી ભાવિન જયંતિલાલ પટેલ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર

રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારોનાં ઓથોરાઈઝ્ડ પરસન **શ્રી ભાવિન જયંતિલાલ પટેલ** એ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમદારો વતી તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન **શ્રી ભાવિન જયંતિલાલ પટેલ** ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝ્ડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે ગુજરાત કારખાના ધારા ૧૯૬૩ નાં **નિયમ- ૬૮-ઈ** નાં ભંગ બદલ કારખાના ધારા ૧૯૪૮ની **કલમ-૯૨** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને **રૂા-૨,૦૦૦/-( અંકે રૂપિયા બે હજાર પુરા ) નો દંડ**, અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો ઓથોરીટી રજૂ કરનાર શ્રી ભાવિન

જયંતિભાઈ પટેલનાઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૬/૦૬ /૨૦૨૨.
સ્થળ–અમદાવાદ.

( હિતેન્દ્રભાઈ કરશનભાઈ મેરીયા)
કોડ નં.જીજે ૦૧૨૭૯
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લેબર કોર્ટ, અમદાવાદ.